અક્રમ યુથ

ફેબ્રુઆરી ૨૦૧૮ ગુજરાતી

દાદા ભગવાન પરિવાર

₹ ૨૦



તંત્રી
ડિમ્પલ મહેતા
વર્ષ: ૫, અંક : ૧૦
સળંગ અંક : ૫૮
ફેબ્રુઆરી ૨૦૧૮

સંપર્ક સૂત્ર :
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org

Printer & Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Taluka & Dist - Gandhinagar

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Taluka & Dist - Gandhinagar

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Taluka & Dist - Gandhinagar

Printed at : Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.
Gujarat.

Total 24 Pages with Cover page

Subscription
Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn in favour of “Mahavideh Foundation”
payable at Ahmedabad.

અનુક્રમણીકા

અક્રમ પીડીયા 04
અનુભવ 06
નવી દ્રષ્ટિ 08
ગ્રીક પૌરાણિક કથા 09
દાદાશ્રીના પુસ્તકની ઝલક 12
મહાન પુરુષની ઝાંખી 14
કમીટમેન્ટના ફાયદા 16
કમીટમેન્ટના કારણો અને પરિણામો 18
પોલ 20
આપણા નિશ્ચય માટેની પ્રતિબદ્ધતા 21
ચાલો, તમારા નિશ્ચયો પૂરા કરીએ 22

સંપાદકીય

પ્રતિબદ્ધતા એટલે આપણે સૌથી વધારે જેમાં માનતા હોઈએ તેને સમર્પિત થવું અને એ માટે આપણા આશય, શબ્દો અને ક્રિયા ત્રણેય સંકળાઈને કાર્ય કરે તો જ આપણે જોઈતું પરિણામ મેળવી શકીએ છીએ.

જો આપણે આપણા ધ્યેયને સમર્પિત થઇ જઈએ, તો આપણે જે ઇચ્છીએ તેનું સર્જન કરી શકીએ. આ આપણા જીવનનું એવું નોંધપાત્ર પાસું છે, જેને આપણે અવગણી શકીએ નહીં.

પણ આ સાથે ઘણાં પ્રશ્નો ઊભા થઈ શકે જેવા કે, આપણે શેના માટે પ્રતિબદ્ધ છીએ? શું આપણે આપણા ધ્યેયને સંપૂર્ણ સમર્પિત છીએ? અને એ માટે આપણે જે માર્ગ અપનાવ્યો છે શું એ યોગ્ય છે? અને એ માર્ગ સિવાય બીજા વિકલ્પો પણ હોઈ શકે? બીજા દ્રષ્ટિકોણ પણ હોઈ શકે?

ઉપરોક્ત દરેક પ્રશ્નોના જવાબ આ અંકના દરેક લેખમાં વણી લેવામાં આવ્યા છે જે પ્રતિબદ્ધતાના માર્ગમાં મદદરૂપ થાય એવી આશા સાથે...

- ડિમ્પલ મહેતા

AKRAMPEDIA

નામ : આયુષ મહેતા
ઉંમર : ૧૮ વર્ષ

બધાની જેમ મેં પણ નવા વર્ષના દિવસે એક નિશ્ચય કર્યો, કે મને હોસ્ટેલમાં વાપરવા માટે દર મહિને, મમ્મી-પપ્પા જે રૂ. ૧૦,૦૦૦/- આપતા હતા, એમાંથી રૂ. ૨,૦૦૦/- બચાવીશ. આની પાછળનો હેતુ, માર્ચ મહિનામાં કૉલેજે યોજેલ ટ્રીપમાં જવાનો હતો, જેના માટે રૂ. ૪,૦૦૦/- ભરવાના હતા અને મારો ગયા મહિનાનો ખર્ચ વધી ગયો હતો. આ ઉપરાંત, મને લાગ્યું કે આટલા પૈસા હું સહેલાઈથી બચાવી શકીશ. કારણ કે, મારી જરૂરિયાતની વસ્તુઓ, જેવી કે ખાવાનું, ફી, કપડાં, વગેરેની સંભાળ મમ્મી-પપ્પા રાખતા હતા. મારે તો મારા આનંદ-પ્રમોદ માટે જ ખર્ચ કરવાનો રહેતો.

આમ, નિશ્ચય પ્રમાણે ચાલવાના દ્રઢ ઈરાદાપૂર્વક મેં નવા વર્ષના પહેલા મહિનાની શરૂઆત કરી.

પહેલું અઠવાડિયું મારા પ્લાન (યોજના) પ્રમાણે ચાલ્યું, પણ બીજા અઠવાડિયામાં તકલીફ પડી કારણ કે, હું મારા મિત્રો સાથે મૂવી જોવા ગયો એમાં એક ઝાટકે રૂ. ૫૦૦/- વપરાઈ ગયા. એના ત્રણ દિવસ પછી, બીજા ભાઈબંધો જોડે, હોસ્ટેલના ખાવાથી કંટાળીને બહાર જમવા ગયો. તેની પછીના દિવસે કઝીન (પિત્રાઈ ભાઈ) જોડે બોલિંગ રમવા ગયો. આમ, એક પછી એક દિવસ વીતતો ગયો, પ્લાન બનતા ગયા અને હું તેમાં જોડાતો રહ્યો. હું મારી જાતને એમ કરતાં રોકી ન શક્યો અને મહિનો પૂરો થતાં મારા પૈસા બિનજરૂરી પ્રવૃત્તિઓમાં વપરાઈ ગયા. મારો નિશ્ચય ટકી ન શક્યો અને મારી આશાઓ પર પાણી ફરી વળ્યું.

બીજે મહિને વધુ દ્રઢ નિશ્ચય કરી રૂ. ૪,૦૦૦/- બચાવવાનું નક્કી કર્યું. ગયા મહિનાની જેમ જ, મારી સામે જેટલા પ્લાન આવ્યા, એ બધામાં મેં કચવાતા મને ભાગ લીધો, અને મહિનો પૂરો થતાં હિસાબ આવ્યો કે, એક પૈસાની બચત થઇ નથી !

મમ્મી-પપ્પાને બહુ સમજાવ્યા, મનાવ્યા, આજીજી કરી, પણ એમણે કૉલેજની ટ્રીપ માટે પૈસા આપ્યા નહીં. પરિણામે હું ટ્રીપમાં ન જઈ શક્યો. એ દુઃખમાં ને દુઃખમાં હું વિચારવા લાગ્યો કે, ''હું કેમ મારા નિશ્ચય મુજબ વર્તી ન શક્યો? હું શું ખોટું કરી રહ્યો છું? વગેરે..'', આ સવાલો પર મંથન કરતાં કરતાં, મને ''દાદાવાણી'' મળી જેમાંથી મને સીન્સિયારિટીનું મહત્વ સમજાયું...

દાદાવાણી :

સિન્સીયારિટી એટલે શું? પોતાની જાતને સિન્સીયર, પોતે નક્કી કરેલી વસ્તુઓને સિન્સીયર. કોઈ પણ સંજોગોમાં પોતાના ધ્યેયની વિરુદ્ધ ક્યારેય ના ચાલે. દાદાશ્રી કહે છે, 'સિન્સીયર રહેવું હોય તેણે કાચા કાનના થયે પાલવે નહીં.'

સિન્સીયર વ્યક્તિ વિવેક્વાળો હોય. મહીંથી મન અવળું બતાડે અને આપણા ધ્યેયને એ અનુકૂળ ના આવતું હોય તો તરત છોડી દેવું. આપણા ધ્યેયને એ અનુકૂળ હોવું જોઈએ અને ધ્યેયને અનુકૂળ આવતું હોય તો મનનું ચલાવી લેવું. નિશ્ચય એનું નામ કે સિન્સીયારિટી હોય.

આમ, હું સમજી શક્યો કે મારા ધ્યેય મુજબ ચાલવામાં મારી સિન્સીયારિટી ખૂટતી હતી.

અનુભવ

જય સચ્ચિદાનંદ...

હું દાદા ભગવાન પરિવારમાં સમર્પિત થયેલ એક બ્રહ્મચારી ભાઈ છું. દાદાની, મહાત્માઓની અને જગતના લોકોની સેવા કરવા, જગત કલ્યાણ કરવા મેં બ્રહ્મચર્યવ્રત લીધું છે.

આ સેવા કરતા, થોડાક જ દિવસ પહેલાં મને એક આપ્તપુત્ર ભાઈ જોડે YMHT માટે સેન્ટરની મુલાકાત લેવાનો લાભ મળ્યો. એક અઠવાડિયું આપ્તપુત્ર જોડે... આ સાંભળતાજ મને આનંદ આનંદ થઇ ગયો.

મને હંમેશાં રહેતું કે બ્રહ્મચારીઓ વિશેષ હોય, એમનું કમીટમેન્ટ (પ્રતિબદ્ધતા) કંઇક અલગ જ હોય, પણ આ સત્સંગ ટ્રીપ પર મને નવો જ અનુભવ થયો.

રાજકોટમાં અમારો ઉતારો કિશોરભાઈને ત્યાં હતો. કિશોરભાઈ ચાંદીના દાગીનાના વેપારી છે, એમની સાથે એક દિવસ-રાત રહેવાની તક મળી ત્યારે એમની પાસેથી ઘણું જાણ્યું, એમનો દાદા માટેનો સમર્પણ ભાવ જોઈ, મારો બ્રહ્મચારી હોવાનો અહંકાર તૂટવા લાગ્યો.

કિશોરભાઈ આખો દિવસ પોતાનો વેપાર ચલાવે. એમની સાથે કામ કરતા ૨૦-૨૫ ભાઈઓનો પગાર તેમજ તેમના પરિવારમાં બધું સારું ચાલે છે કે નહીં એનું ધ્યાન રાખે. રાજકોટમાં ઘર ચલાવે.

એમનો પરિવાર... પત્ની, બે દીકરીઓ અને એક દીકરો અડાલજમાં રહે. એ અડાલજનું ઘર પણ ચલાવે. ઘર ચલાવવું એટલે પૈસા આપવા એટલું જ નહીં, બધા પરિવારજનોને ટાઈમ આપવો, બાળકોના ભણતરનું અને સંસ્કારોનું ધ્યાન રાખવું. આ બધું કર્યા પછી પણ તેઓ રણછોડનગર સબ-સેન્ટરના કૉર્ડીનેટર, YMHTના સેન્ટર કૉર્ડીનેટર, GNC રાજકોટના કૉર્ડીનેટર તરીકેની જવાબદારી સંભાળે છે અને તેથી વધુ સીમંધર સીટી આવે ત્યારે GNC ઑફિસમાં નાના-મોટા કામ કરે... અને આ સિવાય એમને દાદાના કામ માટે ક્યારેય પણ કહો તો તૈયાર જ હોય.

એમનું આ દાદા માટેનું કમીટમેન્ટ (પ્રતિબદ્ધતા) જોઈને હું સ્તબ્ધ થઇ ગયો, હું પોતે બ્રહ્મચારી હોવા છતાં ફક્ત મારી જોબ અને સાથે YMHT કૉર્ડીનેટર છું. એ પણ હું નિષ્ઠા અને જવાબદારી વગર કરતો હતો. પણ આમને જોઈને મને ખૂબ ભાવ થયો કે હું પણ એમની જેમ બને તેટલો વધારે સમય દાદા માટે આપીશ.

આ અનુભવની મેં જયારે આપ્તપુત્ર ભાઈને વાત કરી તો એ ખૂબ ખુશ થયા. તેમણે મને શાબાશી આપતાં કહ્યું... ''યાદ રાખજે ! ધન્ય છે આપણી પુણ્યૈ કે આવા દાદાના મહાત્માઓ સાથે સમય વીતાવવા મળે છે. દાદાની ખરી સેવા આવા અનેક કૉર્ડીનેટર્સ કરી રહ્યા છે. એમના આવા સારા ગુણો જોઈ, તેને ગ્રહણ કરવાથી જ આપણામાં પણ તે ગુણો પ્રગટ થશે. આવી સેવા કરવા વાળા મહાત્માઓ પર દાદાની કૃપા ઊતરે જ અને એમના મોક્ષની જવાબદારી દાદાની થાય.''

- બ્રહ્મચારી ભાઈ

નવી દ્રષ્ટિ

અંશુ ગુપ્તા એક સમાજ સેવકે 'ગુંજ' નામની ભારતના ગ્રામ્યવિકાસ માટે કામ કરતી સંસ્થાની સ્થાપના કરી જેનું મુખ્ય કેન્દ્ર દિલ્હીમાં છે. ભારતીય સંસ્કૃતિમાં સુધારા લાવવા, ગરીબોના વિકાસ માટે આવશ્યક એવા શરીર ઢાંકવા માટેના કપડાને ધ્યાનમાં લઈને પોતાના રચનાત્મક દ્રષ્ટિકોણ અને સાહસિક નેતૃત્વ માટે ગુપ્તાજીએ ૨૦૧૫માં ''રેમન મેગસાસે'' અવોર્ડ મેળવ્યો હતો.

૧૯૯૧-૯૨માં જ્યારે તેઓ દિલ્હી યુનિવર્સીટીના છાત્ર હતા ત્યારે અચાનક એમનો એવા એક કુટુંબ સાથે ભેટો થઇ ગયો કે જેમણે તેમની જિંદગીમાં પલટો લાવી દીધો. ડિસેમ્બર મહિનાની એક બપોરે એમણે એક સાયકલ રિક્ષા જોઈ, જેની ઉપર લખ્યું હતું 'બિનવારસી મડદા ઉપાડનારા''. તેઓ સ્તબ્ધ થઇ ગયા. એમને આ બાબતે વધારે જાણવાની જિજ્ઞાસા થઇ. તેમણે એક અઠવાડિયું આ રિક્ષા ડ્રાઈવર હબીબભાઈ, એમના પત્ની આમના બેગમ અને ૬ વર્ષની પુત્રી બાનો સાથે બિનવારસી મૃતદેહોને ઊંચકી, તેમને દફનાવવામાં ગાળ્યું. હબીબભાઈએ એમને કહ્યું કે તેઓનું કામ શિયાળામાં વધી જાય છે, અને ઉનાળા દરમિયાન ઘણું ઓછું રહે છે. બાનોએ એમને કહ્યું કે સખત ઠંડીથી બચવા માટે ઘણીવાર તે આ મૃતદેહોને વળગીને સૂઈ રહે છે. નિર્દોષ બાળકીના આ વાક્યની એમના ઉપર ખૂબ ઊંડી અસર થઇ અને તેઓ કોઈ પણ ભોગે આ ગરીબ કુટુંબને સહારો આપવા તત્પર થયા.

ઘરે જઈ તેઓએ પોતાના ઉપયોગમાં ન આવતા કપડાં, ખરેખર જેમને જરૂરિયાત હતી એવા લોકો માટે કાઢ્યા. એમને આશ્ચર્ય થયું કે, જયારે એમની પાસે આટલા બધા બિનજરૂરી કપડાં છે તો પછી આખા દેશના લોકો પાસેથી આવા કેટલા બધા કપડાં ભેગા થાય ? પોતાના મિત્રોની મદદથી કેટલાય દિવસો અને મહિનાઓ સુધી એમણે આવા બિનજરૂરી કપડાં ભેગા કર્યા. બીજું ભગીરથ કાર્ય હતું આ કપડાઓને પહેરવા લાયક બનાવીને જરૂરિયાતમંદોને પહોંચાડવાનું.

આજે આ સંસ્થા 'ગુંજ' વિશાળ પાયા પર ૨૨ રાજ્યોમાં ફેલાઈ ચૂકી છે. ભારતનો દરેક નાગરિક પોતાની પાયાની જરૂરિયાત મેળવી શકે તે માટે હજારો સ્વયંસેવકો આમાં સેવા આપી રહ્યા છે. વાર્ષિક ૨૫૦ ટન જેટલા બિનજરૂરી કપડાંને રીપેર કરી જરૂરિયાતમંદ લોકોને પહોંચાડવામાં આવે છે. ઘણી મુશ્કેલીઓ આવી હોવા છતાં હિંમત હાર્યા વગર ગુપ્તાજીએ સંસ્થાને વિકસાવી. ધન્ય છે ગુપ્તાજીના દ્રઢ નિર્ધારને કે જેમણે સમાજ ઉપર આવી અસરકારક છાપ પાડી.



ગ્રીક પૌરાણિક કથા

પાંચમી સદી (B.C.-ઈસ.)ના પહેલા બે દસકા, વિશ્વના ઇતિહાસમાં મોટા સંક્રાતિકાળ પૂરવાર થયા છે. આ પર્શિયન અને ગ્રીક વચ્ચેના યુદ્ધના વર્ષો હતાં. વર્ષો વીતતાં પર્શિયન રાજ્ય, એશિયાથી ઇજિપ્ત સુધી અને તુર્કસ્તાનથી ભૂમધ્ય સમુદ્ર સુધી ફેલાયું હતું. બીજી તરફ ગ્રીસમાં, એથેન્સ અને સ્પાર્ટા જેવા ઘણાં સ્વતંત્ર શહેરો હતાં. ઈસ. ૪૯૦ના વર્ષ સુધીમાં, પર્શિયન લશ્કર, યુરોપમાં પ્રવેશી તેમનું રાજ્ય વિસ્તારવા તૈયાર હતું. તેઓ મોટી સંખ્યામાં એથેન્સના મેરેથોન મેદાન પર ખડકાયા અને યુદ્ધ માટે થનગની રહ્યા હતા. પર્શિયન લશ્કરની સરખામણીમાં એથેન્સ પાસે બહુ જ ઓછા સૈનિકો હતા. તેથી તેમને આક્રમણનો સામનો કરવા સ્પાર્ટાના લશ્કરની મદદની અત્યંત જરૂર હતી.

સમય ખૂબ જ ઓછો હતો, તેથી એથેન્સના સેનાપતિઓએ ફીડીપીડ્સ નામના એક વ્યાવસાયિક દોડવીર કે જેઓ એક સાથે દિવસો સુધી દોડી અગત્યના સંદેશાઓ પહોંચાડતા, તેમને મદદ માંગવા સ્પાર્ટા દોડાવ્યા.

સ્પાર્ટા અને એથેન્સ વચ્ચે ૨૨૫ કી.મી. (અત્યારના જે મેરેથોન થાય છે તેવી પાંચ મેરેથોન જેટલું અંતર)નો પર્વતીય રસ્તો હતો. ફીડીપીડ્સે લગભગ ૩૬ કલાકમાં એ રસ્તો કાપ્યો. સ્પાર્ટા મદદ માટે તૈયાર થયું પણ તેમણે તેમની ધાર્મિક માન્યતા અનુસાર કહ્યું કે, તેઓ ત્યાં સુધી યુદ્ધમાં ભાગ નહીં લે જ્યાં સુધી ચંદ્ર સંપૂર્ણ ન ખીલે. ફીડીપીડ્સ આ નિરાશાજનક સમાચાર સાથે દોડીને એથેન્સ પાછા ફર્યા (બીજા ૨૨૫ કી.મી.). તરત જ, લડાઈની તૈયારી માટે અથેન્સનું નાનું લશ્કર (ફીડીપીડ્સ સહિત), મેરેથોનના મેદાન પર કૂચ કરી ગયું.

પોતાનું સૈન્યબળ, દુશ્મન કરતાં માંડ ચોથા ભાગનું છે એ જાણતા હોવા છતાં, એથેન્સનુ લશ્કર પૂરા જોશ સાથે, ખૂબ બહાદુરીપૂર્વક લડ્યું. દિવસ ઢળતા ૬૪૦૦ પર્શિયન સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે એથેન્સના ફક્ત ૧૯૨ સૈનિકો જ મૃત્યુ પામ્યા હતા. ગ્રીક લશ્કર એકઠું થાય તે પહેલાં અથેન્સ પર હુમલો કરવાના ઈરાદાથી બાકીના

પર્શિયન સૈનિકો સમુદ્ર માર્ગે એથેન્સ તરફ રવાના થયા.

એથેન્સ પહોંચી જઈશુ તો ત્યાંની પ્રજાને લાગશે કે પર્શિયનો જીતી ગયા છે અને ત્યાંના સેનાપતિ હાર માનીને શરણાગતિ સ્વીકારી લેશે એવા મનસૂબા સાથે એથેન્સની પ્રજાને પોતાની જીતના સમાચાર મળે તે પહેલા, એથેન્સ પહોંચવા પર્શિયન નૌકાદળના કાફલાએ મરેથોનના ઉપસાગરમાં સઢ ચઢાવ્યા. ફીડીપીડ્સને એથેન્સ સુધી (આશરે ૪૮ કિ.મી. દૂર) દોડવા માટે ફરી બોલાવવામાં આવ્યા, કે જેથી તેઓને વિજયના સમાચાર અને આવી રહેલી પર્શિયન કાફલાના સમાચાર આપી શકાય. હમણાં જ સ્પાર્ટાની દોડ પતાવીને પાછા ફરેલ અને સવારે થયેલી ભારે લડાઈ લડવાના થાક છતાંય ફીડીપીડ્સે આ પડકાર ઝીલી લીધો. કારણ કે, લોકોના જીવન-મરણનો સવાલ હતો. મનુષ્યની સહનશક્તિની સીમા બહારની આ દોડ, ૩ કલાકમાં પતાવી એ એથેન્સ પહોંચી એમના ગૌરવશાળી વિજયની જાહેરાત કરી તરત જ ત્યાં ઢળી પડ્યા અને પ્રાણત્યાગ કર્યા. તે જ દિવસે મોડેથી એથેન્સનું લશ્કર રણમેદાનથી ભારે ઉત્સાહપૂર્વક કૂચ કરતું શહેરમાં પ્રવેશ્યું. અને તરત જ પર્શિયન કાફલો પણ આવી પહોંચ્યો. પણ તેમણે શહેરની ચોતરફ કિલ્લેબંધી જોતાં, ગ્રીસ ઉપરની ચડાઈ પડતી મૂકી પાછા વળ્યા.

એક સાધારણ માનવીના અસાધારણ કાર્યથી જબરદસ્ત પરિવર્તન આવ્યું.

તમારી સફળતા, તમારા ઊંડા અને મક્કમ નિર્ધાર પર આધારિત છે. ફીડીપીડ્સે પોતાના કાર્ય પ્રત્યેના દ્રઢ નિશ્ચયથી, પ્રતિબદ્ધતાથી આખા દેશને યુદ્ધથી થતી જાનહાનિ અને માલ-મિલકતની ખુવારીથી બચાવ્યો.

૧૮૯૬ના ઓલિમ્પિક - પ્રથમ અર્વાચીન રમતોત્સવની તૈયારી વખતે, આયોજકો ગ્રીક ઇતિહાસના આ પ્રસંગની ઉજવણી કરવા માંગતા હતા, ત્યારે ફ્રેંચ ઇતિહાસકાર માયકલ બ્રિઅલે, ફીડીપીડ્સના સન્માનમાં મેરેથોનથી એથેન્સની લાંબી દોડ સ્પર્ધાનું સૂચન કર્યું.

Kids
.dadabhagwan.org

Story Time | Fun Zone | Knowledge House | Gallery | Spiritual Masters | Activity | Blog

Get Happiness with right understanding

Welcome

Welcome to our world!

This is our destination to discover and explore newer places, places that are full of fun, excitement, knowledge and learning.

Pujya Dada Bhagwan says, “Every young adult has the potential power to help the entire world. He just needs the right guidance and support.”

So friends, what are we waiting for? Let's sneak in... and realize our potential, give wings to our aspirations and discover a whole new world that’s waiting just for us.

દાદાશ્રીના પુસ્તકની ઝલક

સર્વાંગી અભિમુખતા ધ્યેય પ્રત્યે જ

પ્રશ્નકર્તા : એટલે એવું થયું કે પોતે એક જ ધ્યેય નક્કી કર્યો, પોતાને જે સાચું લાગ્યું ને જે ધ્યેય નક્કી કર્યો, એ ધ્યેયને જ વળગી રહેવું જોઈએ?

દાદાશ્રી : એ ધ્યેય પાછો કેવો હોવો જોઈએ? સો માણસ 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે એવો હોવો જોઈએ. મા-બાપની સેવા કરવામાં ઘણાખરા માણસો હા પાડે કે ના પાડે?

પ્રશ્નકર્તા : બધા હા પાડે.

દાદાશ્રી : એવા ધ્યેય હોવા જોઈએ. આપણે તો ધ્યેય નક્કી કર્યો કે 'વહુને રોજ મારવી', એ તો કંઈ ધ્યેય છે?

સ્ટ્રોંગ નિશ્ચયે થાય ફળીભૂત

પ્રશ્નકર્તા : મારો પ્રશ્ન એવો છે કે આપણા બધા વિચારોમાંથી કોઈ એક વિચાર આપણે ફળીભૂત કરવો હોય તો આપણે શું કરવું?

દાદાશ્રી : કયો વિચાર ફળીભૂત કરવો છે?

પ્રશ્નકર્તા : ઔદ્યોગિક બાબતમાં.

દાદાશ્રી : હા, એ તો આપણે નક્કી કરવું. જે વિચાર આપણને આવતો હોય, તે નિશ્ચય કરવો કે 'આ જ કરવું છે હવે.' એટલે તરત ફળીભૂત થાય. તમે એ વિચાર ઉપર નિશ્ચય કરો. હા, સ્ટ્રોંગ નિશ્ચય. એક સ્ટ્રોંગ ડિસિઝન લઈ લો કે મારે આજ કરવું છે, બીજું નહીં હવે. તો એ સીધું થઈ જાય, એને લાઈન મળી જાય.

જેને જે કામના હોય ને, તે મળી આવે. તમારું પણ દ્રઢ હોય, સિન્સિયારિટી હોય, મોરાલિટી હોય, તો દરેક ચીજ મળી આવે. સિન્સિયારિટી - મોરાલિટીની પાછળ બધીજ ચીજ આવે છે. કોઈ ચીજની કમી ના હોય.

આ અનંત કાળનું અજ્ઞાન, તે થોડો વધુ વખત જાય તો કેવી દશા થાય ત્યારે? અને તમે મને સિન્સિયર થાઓ તો એક કલાકમાં મારા જેવા થઈ જાઓ. પણ એવી સિન્સિયારિટી હોય નહીં ને આ કાળમાં ! ક્યાંથી લાવે સિન્સિયારિટી? કેટલી જાતના ધંધા, કેટલા લફરાં, કેટલી ફાઈલો !

વળગી રહેવું આપણા સિદ્ધાંતને

પ્રશ્નકર્તા : કોઈ માણસ ઘણો સિન્સિયર હોય, પણ સામા માણસને એની સિન્સિયારિટીની જાણ ના રહેતી હોય, તો તેવી પરિસ્થિતિમાં શું કરવું?

દાદાશ્રી : ના જાણ રહેતી હોય તો એને નુકસાન. આપણે સિન્સિયર રહ્યા તે આપણને ફાયદો. તું તારી સિન્સિયારિટી છોડીશ નહીં. એ તને કહે કે તું અનસિન્સિયર છું, તોય તું તારી સિન્સિયારિટી તોડીશ નહીં. એ તો એમ ગમે તે કહે. આપણે સિન્સિયર થયેલા એ મોટામાં મોટું. ઠેઠ સુધી આપણને એ બિનજોખમી પહોંચાડી દે એવી વસ્તુ છે. જોખમ નહીં આવે પછી.

માણસ સિન્સિયર રહેતો હોય અને બે-ત્રણ દહાડા મતભેદ પડે કે પેલાની સિન્સિયારિટી બગડી જાય તરત, એવું ના હોવું જોઈએ. મતભેદ પડે, મારામાર થાય તોયે સિન્સિયારિટી બગડવી ના જોઈએ. સામા માણસે ભૂલ કરી, એને નબળાઈ ઊભી થઈ, તેથી આપણે આપણો સિદ્ધાંત તોડી નાખવો?

Download
Sincerity Dadavani
March 2017
from
http://satsang.dadabhagwan.org

મહાન પુરુષની ઝાંખી

શ્રીમદ્ રાજચંદ્ર

ગૃહસ્થ જીવન જીવનાર માટે એક આદર્શ



''પવિત્ર વ્યક્તિઓના જીવન અરીસા જેવા હોય છે'', આ પવિત્ર વ્યક્તિઓ, જીવનમાં પરિવર્તન લાવનારાઓ માટે પ્રેરણા સ્રોત બની રહે છે. આજે આપણે શ્રીમદ્જીના (જેઓ આત્મજ્ઞાની હતા) જીવન પ્રસંગો જોઈએ.

૨૦ વર્ષની ઉંમરે શ્રીમદ્જીના લગ્ન થયા હતા. તેમણે હીરા, મોતી અને અન્ય કિંમતી પથ્થરોનો વેપાર શરૂ કર્યો. તેઓ હંમેશાં ધર્મને અનુસરતા અને પોતાના ધંધામાં પણ ધર્મના કાયદા પાળતા. આ બધું હોવા છતાં તેમના આધ્યાત્મિક જીવનનું ઝરણું અવિરત વહેતું રહ્યું.

પોતાનો જ દાખલો બેસાડી, શ્રીમદ્જીએ કરી દેખાડ્યું કે સહજ રીતે પોતાનો ધર્મ બજાવી શકાય છે. કોઈ પણ વ્યક્તિની રોજિંદા જીવનની દરેક ક્રિયાથી જ તે વ્યક્તિનું ધાર્મિક વ્યક્તિત્વ જણાય છે. એવો કોઈ નિયમ નથી કે કેલેન્ડરના કેટલાક દિવસો જ કે પર્યુષણમાં કે મંદિર જેવી કોઈ ધાર્મિક જગ્યાએ જ તમે ધર્મ પાળો અને બજાર કે રાજ દરબાર જેવી જગ્યાઓએ ધર્મની અવગણના કરો. જ્યાં બહુ ભ્રમણા હોય ત્યાં ધર્મ હોતો જ નથી. (અથવા તેમના કહેવા અનુસાર ધર્મને હંમેશાં ખોટી રીતે સમજવામાં આવ્યો છે.)

શ્રીમદ્જી, તેમની દુકાને બેસી હજારો રૂપિયાના સોદા કરતા. તેઓ ઘરેણાં, હીરા, મોતીની પરખ ખૂબ ચોકસાઈથી કરતા. તેઓ

ધંધાની ગૂંચવાડા ભરી સમસ્યાઓને હલ કરતા. પણ, આ બધી બાબતો, એ તેમના જીવનનું ધ્યેય ન હતું. ‘‘આત્માની ઓળખ’’ એ જ તેમના જીવનનું મુખ્ય લક્ષ્ય હતું. તેમના ટેબલ પર બીજી વસ્તુઓની સાથે સાથે, થોડા ધાર્મિક પુસ્તકો અને તેમની ડાયરી હંમેશાં જોવા મળતા. ધંધાનું કામ પતે કે તરત તેઓ ધાર્મિક પુસ્તક કે પોતાની ડાયરી ખોલીને બેસી જતા. તેમનાં મનમાં સમયે સમયે પસાર થતા ધ્યાન સ્પંદનોને ડાયરીમાં લખી લેવાની તેમની આદત હતી. તેઓ ગદ્ય અને છંદોમાં લખતા જે પાછળથી સંગ્રહ રૂપે પ્રકાશિત થયા હતા.

‘‘આત્મા માટેની શ્રીમદ્‌જીની આવી અવિરત પ્રતિબદ્ધતા હતી.’’

આપણે જાણીએ છીએ કે શ્રીમદ્‌જી એ તેમના ધંધા માટે કેવા ચોક્કસ હતા, છતાં તેમનું આંતરિક જીવન ધીમે ધીમે બદલાઈ રહ્યું હતું. ધંધામાં તેમણે ચડતી-પડતી જોઈ, જોકે તેઓ આને ક્ષણિક માનતા.

વ્યવહાર અને આધ્યાત્મિકતાના સુગમ મિલન જેવું તેમનું જીવન હતું - ઊંડી વ્યાવહારિક સમજ અને આધ્યાત્મિક જીવન માટેની ગહન પ્રતિબદ્ધતા.

પોતાનો જ દાખલો આપી શ્રીમદ્‌જીએ, એ ગેરસમજને ખોટી સાબિત કરી કે જે વ્યક્તિ ધાર્મિક હોય તે વ્યવહારમાં સારો કે સક્ષમ ન થઇ શકે.

શ્રીમદ્‌જીનું સાચું અસ્તિત્વ આધ્યાત્મિક પ્રગતિમાં હતું, જેનાથી તેમને પ્રતીતિ થઈ કે આધ્યાત્મિક પ્રગતિ જ મહત્વની છે. ધંધાના વિકાસની આટલી ગૂંચવણો હોવા છતાં, જે અભ્યાસ તેમના માટે જરૂરી હતો તેમાં તેમણે જરા પણ ક્ષતિ થવા દીધી ન હતી. પોતાના વ્યસ્ત જીવનમાં પણ, તેમણે મનને સ્વસ્થ રાખી તેમના જ્ઞાન ભંડારમાં સતત વધારો કર્યો. આ રીતે શ્રીમદ્‌જીએ સ્થૂળ કાર્યો અને આંતરિક મન વચ્ચે અદ્‌ભુત સંવાદિતા સ્થાપી હતી. આટલા વ્યસ્ત જીવનમાં પણ તેઓ મુંબઇ છોડી, પોતાની જાતે જ જંગલ કે પર્વતોમાં એકાંતવાસ કરવા નીકળી પડવાનો સમય કાઢી લેતા.

કમીટમેન્ટના ફાયદા

દરેક વ્યાવસાયિક કંપનીના પ્રમુખ તેમના નિર્માણકારોને સંપૂર્ણ ચીવટતાથી અને સફળતાપૂર્વક કામકાજ ચાલે એવી ખાતરી આપતા જ હોય છે.

પણ તે છતાંય જયારે કંપની ખૂબ જ નુકસાન કરે અને કામકાજમાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં શું કરવું?

આવા સંજોગોમાં પ્રમુખ નુકસાન ભરપાઈ કરવાના અને જરૂરિયાત પ્રમાણેના બધા જ પગલા લઇ, વધુમાં વધુ મહેનત કરીને પણ, છેવટે ઉધાર લઈને પણ નુકસાન ભરપાઈ કરવાના નિર્ણયો લેતા હોય છે. આમ કરવાથી લોકોનો વિશ્વાસ ફરી મેળવી કંપનીને સફળ બનાવવા અંગે વધુ પ્રયાસ આદરી, એક નવી શરૂઆત કરી શકે છે. તમારા પર ભરોસો રાખનાર પ્રત્યે તમે જવાબદારીપૂર્વક સમર્પણભાવથી અને દ્રઢ નિશ્ચય સાથે ફરજ બજાવો છો ત્યારે તમે તેનો વિશ્વાસ મેળવો છો. આમ, તમારા વ્યાવસાયિક જીવનમાં ભરોસાપાત્ર બની સફળતા અને શાંતિ મેળવી શકો છો.

દ્રઢ નિશ્ચય અને સમર્પણથી બાંયધરી આપવાના ઘણાજ ફાયદાકારક પરિણામો :

૧. મનને સ્થિર રાખે.

૨. મહેનતથી કામ કરવાની ફરજ પડે.

૩. વસ્તુઓ કે સામગ્રીનો જરૂરિયાત પ્રમાણે ઉપયોગ થાય.

૪. સફળતા તરફ આગળ વધાય.

૫. જુદા જુદા સંજોગો કે પરિસ્થિતિઓમાં નવી નવી વિચારશક્તિ ખીલે.

૬. મગજમાં શાંતિ સ્થપાય.

૭. સમયનો સદુપયોગ થાય,

૮. નિર્ણય લેવાની શક્તિમાં પારદર્શિતા કેળવાય.

૯. બીજા સાથે સંવાદ સહેલાઈથી થાય. આપણા વિચારો અને યોજનાઓ સરળતાથી અને વિશ્વાસથી પ્રસ્તુત કરી શકાય.

૧૦. ધ્યેય પૂર્ણ થવાનો હોય, એ દિશામાં તમારી ઉર્જાશક્તિ ગતિમાન થાય.

૧૧. સમર્પણ તમને તમારા ધ્યેય પ્રત્યે નિરંતર પ્રતિબદ્ધ રાખે.

૧૨. આપણે સુરક્ષિતતા અનુભવીએ.

૧૩. આપણો આદરભાવ વધારે.

૧૪. જે ઘરાકો આપણાથી સંતુષ્ટ થાય તેઓ બીજા લોકોને આપણા વિષે જણાવે.

૧૫. આપણે વિશ્વાસપાત્ર બનીએ.

૧૬. આપણા ધ્યેય સુધી પહોંચવાના માર્ગમાં જે વિઘ્નો આવે, તેને પહોંચી વળવા સમર્થ થવાય.

૧૭. આત્મવિશ્વાસ જગાડે, સુખ-સંપત્તિ વધે અને વિનય કેળવાય.

ધ્યેય પૂરા નહીં થવા માટેના કારણો

- હેતુ વગરની વ્યસ્તતા.
- આળસ
- ડર
- ધ્યેય પ્રત્યે ગંભીરતા ન હોવી
- યોગ્ય દ્રષ્ટિકોણનો અભાવ
- ઢીલાપણું.

કારણો અને તેના પરિણામો

પરિણામો

વિશ્વાસપાત્ર ન રહે

સક્ષમ નહીં હોવાની ભાવના.

ભાગ્યે જ સફળતા મળે.

પોતાના વચનો ન પાળવા એ પોતાની જાતનું જ અપમાન કરવા બરાબર છે, તે પોતાના સ્વમાન, આત્મવિશ્વાસ કે જીવનને નુકસાન કરી શકે છે

વિશ્વાસઘાત.

આપણી કંઈ કિંમત ન રહે.

આપેલા વચન તોડવાથી આપણા સંબંધો વણસી શકે છે.

પોલ

બાળપણથી આપણને શીખવાડવામાં આવ્યું છે કે આપણે આપણા ધ્યેયને પૂરા કરવા જ જોઈએ અથવા કોઈ ખોટા વાયદા ન આપવા જોઈએ. અમે ૨૩૦-૨૫૦ યુવાનોને પૂછ્યું કે તેઓ કોઈ વસ્તુ માટે પ્રતિબદ્ધ છે કે નહીં, તેમના જવાબ ‘હા’માં હતાં, આગળ પૂછ્યું, શું તેઓએ પોતાની જાત માટે કોઈ નિશ્ચય કર્યો છે? શું તેઓ કોઈ કાર્ય કે કોઈ વ્યક્તિને પ્રતિબદ્ધ છે? જો હા, તો કોને?

અને તેઓના જવાબ આ પ્રમાણે હતાં,



આપણે જોયું કે સહુ, પોતાની કે બીજાની સાથે, કોઈને કોઈ કાર્ય માટે પ્રતિબદ્ધ છે.

આપણા નિશ્ચય માટેની પ્રતિબદ્ધતા

આપણે બધાં કંઇક ને કંઇક નિશ્ચય સાથે જન્મ્યા છીએ. પણ ‘‘કયા?’’- એ વધારે મહત્વનું છે. દા.ત. લોકો પરીક્ષામાં સારામાં સારું પરિણામ લાવવાના દ્રઢ નિશ્ચય સાથે મહેનત કરતાં હોય છે, તો અમુક લોકો આ બાબત ગંભીરતાથી ન લેતા સામાન્ય ભાવે અભ્યાસ કરે છે અને નાપાસ પણ થતાં હોય છે. અમુક લોકો જે પીણાં તંદુરસ્તી આપે એવા જ લેતા હોય છે, તો અમુક લોકો દારૂ વગેરે અથવા તો વારંવાર કૉફી પીવામાં ચોક્કસ હોય છે જે પણ એટલું જ હાનિકારક છે. અમુક લોકો ઈમાનદારીથી જીવન જીવવા બાબતે ચોક્કસ રહે છે, તો અમુક લોકો જીવનમાં જુઠાણા અને અનીતિનો સહારો લેતા હોય છે.

શું આપણે આમાંથી કોઈ પણ વર્ગના લોકોને ખોટા કહી શકીએ? જો એમ કરીએ તો એ આપણી ભૂલ છે કારણ કે, પ્રત્યેક વ્યક્તિ પોતાના દ્રષ્ટિકોણ પ્રમાણે સાચી જ હોય છે જે બીજા લોકોના દ્રષ્ટિકોણ મુજબ અલગ પણ હોઈ શકે. ચાલો, વિગતવાર સમજીએ. જે વ્યક્તિનો ઉછેર સુશિક્ષિત અને સ્પર્ધાત્મક માહોલમાં થયો હોય, તે પરીક્ષામાં ઉત્તમ પ્રદર્શન કરી શ્રેષ્ઠ પરિણામ લાવવા પ્રેરાય છે. તો બીજી બાજુ એ વ્યક્તિ કે જેના પૂર્વજો શાળાએ જવાનો વિચાર પણ નથી કરી શક્યા, એ વ્યક્તિ પરીક્ષામાં નાપાસ થવા છતાં મનમાં ગ્લાનિ નહીં અનુભવે. જો આપણે આપણી જાતને આ બધીજ પરિસ્થિતિમાં મૂકી જોઈએ અને વિચારીએ કે, ‘‘શું હું ખોટો છું? મને કોઈ ખોટો કહેશે તો મને ગમશે?’’ કોઈ પણ સમજુ વ્યક્તિનો જવાબ હશે ‘‘ના’’. કારણ કે, આપણે જે છીએ તે માટે ઘણાબધા પરિબળો જવાબદાર હોય છે. આપણે બે પ્રકારના નિશ્ચય કરી શકીએ : ‘સકારાત્મક’ અને ‘નકારાત્મક’. આપણો નિશ્ચય, આપણો સંકલ્પ, આપણા જીવનનું અભિન્ન અંગ છે. પણ પ્રશ્ન એ છે કે આપણે કયા પ્રકારમાં આવીએ છીએ. માત્ર પોતાના કામમાં રસ લેવાથી કોઈ મહાન સિદ્ધિ નથી મેળવી શકતું, તેના માટે ખંત-ધગશ હોવી જોઈએ. કોઈ પણ યોજના બનાવવી સરળ છે પણ તેને ઠેઠ સુધી વળગી રેહવું અઘરું છે. આપણા ધ્યેયને પામવા માટે સમય અને ધૈર્ય ખૂબ જરૂરી છે. ધ્યેય સુધી પહોંચવાના માર્ગમાં હિંમત હારી જવી અને આશા છોડી દેવી સહેલી છે. પણ, ધ્યેય પામવા માટેની પ્રતિબદ્ધતા જ અણધારી સફળતા અપાવી શકે છે.

નિશ્ચય અને એ માટેની પ્રતિબદ્ધતા એ આપણા જીવનના અનિવાર્ય ભાગ છે. પસંદ હોય કે ન હોય, જાણતા-અજાણતા આપણે કોઈ ને કોઈ નિશ્ચય માટે પ્રતિબદ્ધ હોઈએ છીએ; એ તરફ આપણે કેવો અભિગમ અપનાવવો એ આપણા ઉપર છે.

નિશ્ચયો કરવા અને તેને સમર્પિત થવા માટેની ચાવીઓ

તમે કોઈ પણ નિશ્ચય કરો તે પહેલાં બધાં જ બોક્ષ ચકાસી લેવા.

- નિશ્ચય પુરો કરવાનો આશય : જો કાર્ય પતાવવાનો તમારો આશય જ ન હોય તો, પહેલેથી જ તેને પૂરું કરવાનો નિશ્ચય ન કરશો.

- તમારા કાર્યોને ૧ દિવસ માટે સીમિત રાખો : એક દિવસમાં અસંખ્ય કાર્યો ન ગોઠવશો.

- ચોક્કસ સમયમર્યાદા નક્કી કરો : પહેલેથી જ નક્કી કરી લેવું કે જે તે તારીખે/દિવસે તમે એ કાર્ય પૂરું કરી જ લેશો.

- વાસ્તવિક બનવું : તમારું સમયપત્રક જોઈને તમારી જાતને પૂછવું કે શું આ પ્રોમીસ હું પાળી શકીશ? પ્રોમીસ આપીને સમયસર કામ ન પતે એના કરતાં, નક્કી કરેલા સમય પહેલાં કાર્ય પતાવી દેવું, એ હંમેશાં સારું હોય છે.

- ટૂંકા ગાળા રાખવા : તમારા પ્રોમીસ ટૂંકા ગાળાના રાખવા. કોઈ કામ આખા વર્ષ કરતાં એક કે બે અઠવાડિયામાં પૂર્ણ થાય એવી ગોઠવણી કરવાનો પ્રયત્ન કરવો.

- જેમ જેમ કાર્યો પતે તેમ તેમ ધીમે ધીમે કાર્યો વધારવા.

હવે તમે તમારા નિશ્ચયો કરી લીધા છે,

ચાલો હવે તેને પૂરા કરીએ

નિશ્ચયો લખો : તમારા નિશ્ચયો દેખાય તેવી રીતે લખી રાખવાથી તમારી કાર્યવાહીને વેગ મળશે. તમારા પ્રોમીસ એવી રીતે લખો કે જેને તમે જોઈ શકો.

ચાર્ટ બનાવો : તમારી રોજની કાર્યવાહીનો ચાર્ટ બનાવો. તમારા પ્રોમીસને રોજરોજ ચકાસવા એ ઉત્તમ છે.

તમારી પ્રગતિનું પત્રક બનાવો : તમારી પ્રગતિને ચકાસવા માટે પત્રક બનાવવું એ ઉત્તમ છે, જેનાથી તમને તમારી સફળતા અને ખામીઓનો યોગ્ય ચિતાર(ચિત્ર) મળશે.

થોડી વધારે અને લાંબા સમય સુધી મહેનત કરો અને **નિષ્ઠા રાખો**.

અવળા વિચારો આવે તો તેને **સવળા વિચારોમાં ફેરવી દેવા**.

જરૂર પડે તો **મદદ લો.**

100% Committed

February 2018.
Year: 5. Issue: 10.
Cont. Issue: 58.

Akram Youth

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2017-2019
Valid up to 31-12-2019
LPWP Licence No . CPMG/120/2017
Valid up to 31-12-2019
Posted at Adalaj Post Office
on 22th of every month

Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org
Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.
Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.